The Surat District Co-Operative Bank Ltd.
Reg. Office: "Shri Pramodbhai Desai Sahakar Sadan"
J.P.Road, Athwagate, Surat - 395 001

વિષય: Code for collection of Dues and Repossession of Security ની કાર્યપદ્ધતિ (SOP) / નીતિ :

આદરણીય ગ્રાહકશ્રીઓ,

ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ આપને પારદર્શક અને સરળ બેંકિંગ સેવાઓ આપવા માટે કટિબદ્ધ છે. ધિરાણ ખાતાધારકના **લોન વસૂલાત માટેના નિયમો** અને **મિલકત જપ્તીની પ્રક્રિયા** સંપૂર્ણ પ્રક્રિયા નીચે મુજબ છે:

➢ લોન વસૂલાત માટેના નિયમો (Rules for Collection of Dues)

- **પૂર્વ સૂચના :** લોનની ચૂકવણી બાકી હોવાના કિસ્સામાં ગ્રાહકને લેખિત નોટિસ દ્વારા બાકી રકમ અને સમયમર્યાદાની જાણ કરવામાં આવશે.
- **નિયતસમય :** બેંકનાં પ્રતિનિધિઓ અથવા રિકવરી એજન્ટો ગ્રાહકને માત્ર સવારે ૮:૦૦ થી સાંજના ૭:૦૦ વાગ્યા વચ્ચે જ ફોન અથવા મુલાકાત કરી શકશે.
- **ઓળખપત્ર :** મુલાકાત વખતે એજન્ટ પાસે બેંકનું સત્તાવાર આઈડી કાર્ડ (ID Card) અને ઓથોરાઈઝેશન લેટર (Authorisation Letter) હોવું ફરજીયાત છે.
- **સભ્ય વર્તન :** વસૂલાત પ્રક્રિયા દરમિયાન કોઈપણ પ્રકારની ધાક-ધમકી, અસભ્ય ભાષા કે માનસીક હેરાનગતિ પર સખત પ્રતિબંધ છે.
- **ગોપનિયતા :** ગ્રાહકની લોનની માહિતી પરિવારના અન્ય સભ્યો, પાડોશીઓ કે સહકર્મીઓ સાથે કરવામાં આવશે નહિ.

➢ મિલકત જપ્તીની પ્રક્રિયા (Repossession Property) :

- **કાનૂની જોગવાઈ :** મિલકત જપ્તીની કાર્યવાહી લોન કરારની શરતો અને કાયદાકીય માળખા (જેમ કે SERFAESI Act) મુજબ જ કરવામાં આવશે.
- **આખરી તક :** મિલકતનો કબજો લેતા પહેલા ગ્રાહકને લેણાં ચૂકવવા માટે પૂરતો સમય અને અંતિમ નોટિસ આપવામાં આવશે.
- **પારદર્શક હરાજી :** જો મિલકતની હરાજી (Auction) કે વેચાણ કરવાનુ થાય તો તેનું યોગ્ય મૂલ્યાંકન (Valuation) કરીને પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રાખવામાં આવશે.
- **મિલકત પરત મેળવવું :** જો ગ્રાહક હરાજી પહેલા નિયમો અનુસાર બેંકની સંપૂર્ણ બાકી રકમ ચૂકવી દે તો જપ્ત કરેલી મિલકત ગ્રાહકને પરત સોંપવામાં આવશે.